ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

બુધવાર ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ | **દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલની એમ.જી.એસ.હાઈસ્કૂલમાં ધો-10ના વિદ્યાર્થીઓ માટેનો મોક ટેસ્ટનુ આયોજન



કાલોલ : કાલોલ કેળવણી પ્રચારક મંડળ દ્વારા સંચાલિત ધી એમજીએસ હાઈસ્કુલ ખાતે ધોરણ ૧૦ ના વિધાર્થીઓ માટે મોક ટેસ્ટ ૨૦૨૬નુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં આસપાસની શાળાઓના ૩૦૦ થી વધારે વિધાર્થીઓ પરીક્ષામાં હાજર હતા. બોર્ડ ની પરીક્ષા અગાઉ પરીક્ષા નો હાઉ વિધાર્થીઓ મા દૂર થાય અને વિધાર્થીઓ શાંત ચિતે પરીક્ષા આપી શકે તેવા હેતુ થી કાલોલ ની એમજીએસ હાઈસ્કુલ માં પરીક્ષા લેવામા આવી જેમાં ઉત્સાહ પુર્વક વિધાર્થીઓ એ ભાગ લઈ આગામી બોર્ડ પરીક્ષામાં જ્વલંત સફળતા માટે દરેક વિધાર્થીઓ તથા વાલીઓને ધી એમજીએસ હાઈસ્કુલ અને પરિવાર દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

### ધર્મ નગરી લીમડી મુકામે દેવ-ધર્મ-ગુરુની કૃપા અપ્રંપાર વરસી રહી છે



દાહોદ : શાંતિના સારથી, જિનશાસન રત્ન, અયોધ્યાપુરમ્, સુમેરુ તથા નવકાર તીર્થ પ્રેરક પરાસલી પ્રતિષ્ઠાચાર્ય આચાર્ય બંધુ બેલડી શ્રી જિન-હિમચંદ્રસુરીશ્વજી ની નિશ્રામાં લીમડી મુકામે તા-૦૩/૦૨/૨૦૨૬ ના કાર્યક્રમ અંતર્ગત સવારે ૬ કલાકે પ્રભાતિય થી શરૂ કરી ત્રણ લોકના નાથ, ત્રણ કાળ, ત્રણ જગતના નાથ એવા શાંતિનાથ દાદાનો જન્મ કલ્યાણક આચાર્ય ભગવંતની નિશ્રામાં મંત્રોચ્ચાર સાથે વિધિ-વિધાન પૂર્વક ધર્મ આચાર્ય નિખિલભાઈ દ્વારા ચતુર્વિધ સંઘની હાજરીમાં ઉલ્લાસ પૂર્વક ૫૬ દિપકુમારી દ્વારા પ્રભુના જન્મ કલ્યાણકની ઉજવણી કરવામાં આવી. ત્યારબાદ હસ્તિનાપુર નગરીમાં પ્રભુ જન્મોકલ્યાણક ઉજવી ૫૬ દિપકુમારીઓએ પ્રભુને વિવિધ નૃત્ય દ્વારા ઉજવણી કરી. શાંતિભઁવતુ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાન શ્રી શાંતિનાથ દાદાની આંગી નવીન કરવાનો ચઢાવો સંઘના ભાઈઓ દ્વારા લેવામાં આવ્યો.

### દેવગઢ બારીયા પોલીસ મથકના હદ વિસ્તારમાં ૬.૪૨ લાખ ઉપરાંતના વિદેશી દારૂ સાથે બોલેરો ટ્રક ઝડપાઇ

દાહોદ : દેવગઢ બારીયા પોલીસ મથકના હદ વિસ્તારમાં પેટ્રોલિંગ માં નીકળેલ દાહોદ એલસીબી પોલીસે શંકાસ્પદ જણાતી બોલેરો મેક્સી ટુકનો ટ્રકના ચાલકે સિંગેડી ત્રણ રસ્તાથી સાગારામ ગામ તરફના રોડ પર થોડે દૂર રોડ પર પોતાના કબજાની મેક્સી ટ્રક મૂકી ચાલક સહિત બે જણા ફરાર થઈ જતા પોલીસે મેક્સી ટ્રકમાંથી રૂપિયા ૬.૪૨ લાખ ઉપરાંત ની કિંમતનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો પકડી પાડી મેક્સી ટ્રક સહિત રૂપિયા ૧૪,૪૨, ૨૪૦/-નો /-નો મુદ્દામાલ પકડી કબજે લીધાનું પોલીસ સુત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે. દાહોદ એલસીબી પોલીસે દેવગઢબારિયા પોલીસ મથકની હદમાં ધામા નાખ્યા હતા. અને - પેટ્રોલિંગ દરમિયાન સિંગેડી ત્રણે રસ્તા પર પોલીસની ગાડી જોઈ જીજે ૧૭એકસ. એક્સ -૨૬૧૪ નંબરની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીની બોલેરો મેક્સી ટ્રકના ચાલકે પોતાના કબજાને મેક્સી ટુંક ભગાવી મુકતા પોલીસને તે મેક્સી ટ્રક શૈકાસ્પદ લાગતા એલસીબી પોલીસે તે તે મેક્સી ટ્રકનો ફિલ્મ ઢબે પીછો કરતાં મૈક્સી ટૂંકના ચાલકે પોતાના કબજાની ટ્રક સીંગેડી ત્રણ રસ્તેથી ભગાવી સાગારામ ગામ તરફના રોડે થોડે આગળ જઈ ટ્રકના ચાલક તથા તેની સાથે આવેલ અન્ય નજીક નજીકના જંગલ ના ઝાડી ઝાંખરાઓ ની આડમાં નાસી ગયા હતા. એલસીબી પોલીસે તે ટ્રક રોડ પરથી પકડી પાડી ટ્રકની ઉપરની તાડપત્રી ખસેડી ટ્રકની તલાસી લઈ ટ્રકમાંથી રૂપિયા ૬,૪૨, ૨૪૦/પેટિઆ વિશ્વમાંભરેલ બોટલ -ની કુલ કિંમત ની ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂ તથા બિયરની સદર દારૂ તથા બિયરના જથ્થાની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા ૮ લાખની કિંમતની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીની બોલેરો મૈક્સી ટ્રક મળી રૂપિયા ૧૪,૪૨, ૨૪૦/-નો મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ દેવગઢબારિયા પોલીસને સુપરત કરી ફરિયાદ નોંધાવતા દેવગઢબારિયા પોલીસે આ મામલે બોલેરો મેક્સી ટ્રકના ચાલક સહિત બે જણા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

---

દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના અથાગ પ્રયત્ન અને ઉગ્ર રજૂઆતોના ફળ સ્વરૂપ પંથકના લોકોને ફાયદો મળશે

# દાહોદ જિલ્લામાં રૂ.5473.33 કરોડના ખર્ચે નર્મદા લીફટ ઈરીગેશન યોજના 1747 કિ. મી. લાબી પાઈપ લાઈન મંજૂર

**આ** પાઇપલાઇન નાખ્યા પછી આસપસના પંથકના ખેડૂતો વાર્ષિક ત્રણ વખત ખેતી કરી પાક ઉપજ કરી શકશે

**લોકોને** ખેતીલાયક પાણી માટે ખુબ જ રાહત મળશે



(પ્રતિનિધિ) લીમખેડા, તા.3 દાહોદ જિલ્લામાં રુ ૫૪૯૭.૩૩ કરોડના ખર્ચે નર્મદા લીફટ ઈરીગેશન યોજના ૧૭૪૭ કિ. મી.લાબી પાઈપ લાઈન દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર ના અથાગ પ્રયત્ન અને ઉગ્ર રજૂઆત ના અંતે રાજ્ય સરકાર દ્વારા સૈધાંતિક મંજૂરી આપી હતી.

જેના સ્વરૂપે લીમખેડા તાલુકાના ૧૭૫ જેટલા નાના મોટા તળાવો માં નર્મદા નાં નીર ઠલવાશે અને તાલુકા ની વષો જૂની માંગણી સંતોષવામાં આવતા પ્રદેશ કિસાન મોરચાના કારોબારી સભ્ય રમેશભાઈ ગારી તથા તાલુકાના ખેડૂતો એ રાજય સરકાર ના ઐતિહાસિક નિર્ણય ને આવકારી સાંસદ જશવંતસિંહ ભાભોર નો આભાર માન્યો હતો

છેલ્લા કેટલાક સમયથી લીમખેડા અને સીગવડ તાલુકાના સેંકડો ખેડૂતો ની માંગણી હતી કે આ વિસ્તારનો સૌથી ગંભીર પ્રશ્ન યુવાનો પાણી અને અને ખેતી માટે પૂરતું પ્રમાણમાં પાણી મળી રહે તે માટે રજૂઆત કરવામાં આવતી હતી.

લીમખેડા તાલુકો ની ભોગલૌક પરીસ્થિતિ જોવા જઈએ તો આ વિસ્તાર પથરાળ તથા ડુંગરાળ વિસ્તારમાં પથરાયેલો છે જેથી પીવાના પાણી અને ખેતી ની જરુરીયાત મુજબ નું પાણી મળતું નથી કુટુંબના ભરણપોષણ અને પાણી ના અભાવે પુરતાં પ્રમાણમાં ખેતી થતી નથી અને રોજગારી ના અભાવે આર્થિક સંકટનો સામનો કરવો પડે છે જેથી આ વિસ્તાર ના ગરીબ આદિવાસી તથા બક્ષી સમાજના હજારો ખેડૂતો યુવાનો મહિલાઓ રોજગાર માટે સ્થળાંતર કરતા હોય છે જે આ વિસ્તારનો ગંભીર પ્રશ્ન હતો.

આ પ્રશ્નનો સુખદ નિકાલ આવે તે માટે દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર તથા ધારાસભ્યો દ્વારા રાજ્ય સરકાર માં ઉગ્ર રજૂઆત કરવામાં આવતા અંતે રાજ્ય સરકારે મહત્વકાંક્ષી યોજના ને સૈધાંતિક મંજૂરી આપી અને ઝડપી કામગીરી કરવાનો આદેશ કરતા લીમખેડા અને સિંગવડ તાલુકાના સેંકડો ખેડૂતો માં ખુશી ની લહેર જોવા મળી હતી સાથે આવનાર દિવસોમાં પુરતાં પ્રમાણમાં પાણી મળી રહે તો ખેડૂતો વાર્ષિક ત્રણ વખત ખેતી કરી પાક ઉપજ કરી શકશે જેથી તેમની આર્થિક સ્થિતિ માં પણ સુધારો આવશે રાજ્ય સરકાર દ્વારા મળેલી સૈદ્ધાંતિક મંજૂરી થી ગુજરાત કિશાન મોરચા ના પ્રદેશ કારોબારી સભ્ય રમેશભાઈ ગારી તથા ખેડૂત આગેવાનોએ આવકારી હતી.

## ગોધરા શહેરના અટલનગરમાં વસતા પરિવારો પર ઘરવિહોણા થવાનું સંકટ

**35** વર્ષ જૂની વસાહત ખાલી કરવા પાલિકાનું અલ્ટીમેટમ



(પ્રતિનિધિ) ગોધરા, તા.3 પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરામાં નગરપાલિકા તંત્ર દ્વારા દબાણ હટાવવાની ઝુંબેશ તેજ કરવામાં આવતા વર્ષોથી સ્થાયી થયેલા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. શહેરના મેસરી નદીના પટમાં નોટિસો આપ્યા બાદ હવે પાલિકા તંત્રએ અટલનગર સોસાયટીના 250થી વધુ પરિવારોને સાત દિવસની અંદર સ્વેચ્છાએ દબાણ દૂર કરવા માટે આખરી નોટિસ ફટકારી છે. જે જગ્યાએ લોકો ચાર-ચાર પેઢીઓથી વસવાટ કરી રહ્યા છે અને જેમના ઘરના સરનામાં સાથે વર્ષોની યાદો જોડાયેલી છે. ત્યાં અચાનક ઘર ખાલી કરવાનો આદેશ મળતા સ્થાનિક રહેવાસીઓ પર જાણે આભ તૂટી પડ્યું છે. આ વસાહતનો ઈતિહાસ જોતા, 1986ના સમયગાળામાં આ વિસ્તાર ખૂંટણ તલાવડી તરીકે ઓળખાતો હતો.જેને ગુજરાતના પૂર્વ સાંસદ ગોપાલસિંહ સોલંકી દ્વારા અટલનગર નામ આપી ગરીબ પરિવારોને રહેવા માટે આશરો અપાયો હતો.આજે સાડા ત્રણ દાયકા બાદ તંત્ર દ્વારા આ રહેણાંકને ગેરકાયદેસર ગણાવી ખાલી કરાવવાની હિલચાલ શરૂ કરાતા માનવતાના પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિક રહીશોએ પોતાની વેદના ઠાલવતા જણાવ્યું હતું કે તેઓ છેલ્લા 35 વર્ષથી અહીં રહે છે અને નિયમિતપણે નગરપાલિકામાં ઘરવેરો તેમજ વીજળીના બિલો ભરે છે તેમ છતાં રાતોરાત તેમને બે ઘર કરી દેવાની નોટિસ આપવામાં આવી છે. રોજનું કમાઈને રોજ ખાતા શ્રમિક પરિવારો માટે આ ઘર માત્ર દીવાલો નથી પરંતુ તેમની આજીવનની મૂડી છે. સાત દિવસમાં પોતાનો સામાન લઈને ક્યાં જવું અને આટલા ટૂંકા સમયમાં વૈકલ્પિક વ્યવસ્થા કઈ રીતે કરવી તેને લઈને ગરીબ પરિવારો ચૌધાર આંસુએ રડી રહ્યા છે.

## ગોધરામાં વચલા ઓડા અને સીમલા વિસ્તારમાંથી ગેરકાયદે હથિયારો સાથે એક શખ્સ ઝડપાયો

**પોલીસે** આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી



(પ્રતિનિધિ) ગોધરા, તા.3 ગોધરા શહેરના વચલા ઓડા અને સીમલા ક્રેન વિસ્તારમાં પંચમહાલ એસ.ઓ.જી. તથા ગોધરા ટાઉન બી-ડિવિઝન પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ગેરકાયદેસર હથિયારોના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ દરોડાની કાર્યવાહીમાં ડબલ બેરલની બંદૂકો, એરગન અને જીવતા કારતુસ સહિત કુલ રૂપિયા 1,33,400નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પંચમહાલ રેન્જ આઈ.જી. સંદિપ સિંહ અને જિલ્લા પોલીસ વડા ડૉ. હરેશ દૂધાત દ્વારા ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી અને સંગ્રહ કરતા તત્વોને પકડવા માટે અપાયેલી સૂચનાના આધારે એસ.ઓ.જી. પી.આઈ. આર.એ. પટેલના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી હતી.

તપાસની વિગતો મુજબ, એસ.ઓ.જી. પી.એસ.આઈ. બી.કે. ગોહિલને મળેલી ચોક્કસ બાતમીના આધારે વચલા ઓડા, મુસ્લિમ સોસાયટીમાં રહેતા અહેમદહુસેન યુસુફ મોહનના રહેણાંક મકાન તેમજ સીમલા વિસ્તારમાં આવેલી તેની કલરની દુકાનમાં પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન પોલીસને 60 હજારની કિંમતની 02 નંગ ડબલ બેરલ બંદૂક, 61 હજારની કિંમતની 06 નંગ એરગન, 04 નંગ જીવતા કારતુસ, 11 નંગ ખાલી કારતુસ તથા છર્રા ભરેલા 06 ડબ્બા મળી આવ્યા હતા. આ ઉપરાંત પોલીસે બંદૂક રાખવાના કવર અને મોબાઈલ ફોન સહિતનો અન્ય સામાન પણ કબજે કર્યો છે. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આ હથિયારો ક્યાંથી લાવવામાં આવ્યા હતા અને તેનો હેતુ શું હતો તે દિશામાં વધુ તપાસ તેજ કરી છે.

### દાહોદ જિલ્લામાં ગામે ગામ આરોગ્ય કિરણ" કાર્યક્રમ સફળતાપૂર્વક અમલમાં મુકાયો



**દાહોદ :** દાહોદ જીલ્લામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જીલ્લા પંચાયત દાહોદ દ્વારા જીલ્લા વિકાસ અધિકારી શ્રી સ્મિત લોઢાના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. ઉદય ટીલાવત ના દિશા સૂચન હેઠળ "ગામે ગામ આરોગ્ય કિરણ" કાર્યક્રમ સફળતાપૂર્વક અમલમાં મુકાયો છે. આ અંતર્ગત જીલ્લાના 102 પ્રાથમિક તેમજ શહેરી આરોગ્ય કેન્દ્ર વિસ્તારોમાં હેલ્થ કેમ્પો યોજવામાં આવ્યા હતા. આ કેમ્પોમાં કુલ 5145 લાભાર્થીઓ (2743 સ્ત્રીઓ અને 2402 પુરુષો)એ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

## LIC નડિયાદ ડિવિઝનના પદાધિકારીઓ પંચમહાલ જિલ્લાના પ્રવાસે



(પ્રતિનિધિ) ગોધરા, તા.3 ભારતીય જીવન વીમા નિગમ નડિયાદ વિભાગીય કચેરીના અખિલ ભારતીય યુનિયન નેતાઓએ તાજેતરમાં પંચમહાલ અને દાહોદ જિલ્લાની વિવિધ શાખાઓની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન ક્લાસ 3 અને 4 યુનિયનના રાષ્ટ્રીય નેતા સલીમભાઈ વોરાએ વીમા ક્ષેત્રે આવી રહેલા આગામી પડકારો અંગે કર્મચારીઓને માર્ગદર્શન આપી સતર્ક રહેવા અને મક્કમતાથી સામનો કરવા આહવાન કર્યું હતું. આ સંગઠનાત્મક પ્રવાસની શરૂઆત દાહોદથી કરવામાં આવી હતી. જ્યાં પદાધિકારીઓનું સ્વાગત કરાયું હતું. આ મુલાકાતથી પ્રભાવિત થઈને દાહોદના શાખા અધિકારી અભિષેક પ્રકાશે વિધિવત રીતે NOIW યુનિયનમાં જોડાવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ નેતાઓની આ ટુકડીએ લીમખેડા, ગોધરા અને હાલોલ શાખાઓની મુલાકાત લીધી હતી. દરેક સ્થળે સ્થાનિક અધિકારીઓ અને સ્ટાફ દ્વારા શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ આપી નેતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સલીમભાઈ વોરાએ નડિયાદ ડિવિઝનના મેનેજર હિમાંશુભાઈ પટેલના સહયોગની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ઓલ ઈન્ડિયા સ્તરે નડિયાદ વિભાગ દરેક ક્ષેત્રે અગ્રેસર રહ્યો છે જેનો શ્રેય તમામ કર્મનિષ્ઠ કર્મચારીઓને જાય છે. આ કાર્યક્રમમાં કનુભાઈ મંજાણી, પાર્થ ગોટી અને સીસી મેમ્બર હરવાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં હાલોલ ખાતે ભવ્ય સ્વાગત બદલ નેતાઓએ તમામ શાખાઓનો આભાર વ્યક્ત કરી પ્રવાસ પૂર્ણ કર્યો હતો.

---

રેશનકાર્ડમાં સુધારા વધારા તથા બંધ પડેલ રેશનકાર્ડ ચાલુ કરાવવા અરજદારો તલપાપડ

# સુખસર તાલુકા મામલતદાર કચેરીમાં રેશનકાર્ડની કામગીરી માટે ફતેપુરા બાદ સુખસર ખાતે મહિનાઓ સુધી ધરમધક્કા

મહિનાઓ સુધી જવાબદાર અધિકારીઓ દ્વારા રેશનકાર્ડ સંબંધે ઠરાવ નહીં કરી ગરીબ જનતાને રંજાડવામાં આવે છે?



(પ્રતિનિધિ) સુખસર,તા.3 રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોના વિકાસ અને પ્રજાની પ્રાથમિક સુવિધાઓ છેવાડાના માણસ સુધી પહોંચે તેના માટે કટિબદ્ધ હોવાનું કહેવાય છે.અને સરકાર દ્વારા જે-તે જિલ્લા તાલુકાના જવાબદાર અધિકારીઓને પોતાની ફરજમાં આવતી કામગીરી સમય મર્યાદામાં કરી જે-તે અરજદારને ન્યાય મળે તેવી સ્પષ્ટ સૂચના આપવામાં આવેલ છે.કોઈ અધિકારી, કર્મચારી કામગીરીમાં પોતાની ફરજમાં નિષ્કાળજી દાખવે તો સીધા ઘર ભેગા કરવાની કડક સુચના પણ આપવામાં આવેલ છે.તેમ છતાં કેટલાક જવાબદાર અધિકારી,કર્મચારીઓ મનસ્વી રીતે વહીવટ ચલાવતા હોવાના દાખલા પણ બની રહ્યા છે. અને જેના લીધે ગ્રામ્ય વિસ્તારોના ગરીબ,અભણ અને લાચાર લોકો માટે પોતાની પ્રાથમિક જરૂરિયાત હોય તેવા કામકાજને જવાબદાર અધિકારી કર્મચારીઓ પોતાની ફરજના ભાગરૂપે સામાન્ય ગણાતી કામગીરી પ્રત્યે લક્ષ નહી આપતા મજબૂર લોકો પોતાની કામગીરી કરાવવા માટે મહિનાઓ સુધી કચેરીના ધરમધક્કા ખાતા હોય છે.તેવી જ રીતે ફતેપુરા તાલુકા માંથી વિભાજન થઈ નવરચિત સુખસર તાલુકો અસ્તિત્વમાં આવ્યો છે.ત્યાં અનેક લોકો તાલુકા કક્ષાની કામગીરી માટે કચેરીના મહિનાઓ સુધી ધરમ ધક્કા ખાવા છતાં કામગીરી નહીં થતી હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે.

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાનુ વિભાજન કરતા 6 ઓક્ટોબર 2025 ના રોજ નવીન સુખસર તાલુકો અસ્તિત્વમાં આવતા સુખસર તાલુકાના 46 જેટલા ગામડાઓનો સમાવેશ થતા સ્થાનિક પ્રજામાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી. અને તાલુકાના વિભાજન અગાઉ તાલુકા મામલતદાર કચેરી તથા ટીડીઓ કચેરીના જે-તે કામકાજ માટે ફતેપુરા સુધી લાંબા થવું પડતું હતું.અને નાણા તથા સમયનો વ્યય થતો હતો.

મતાધિકાર મુદ્દે મુસ્લિમ સમાજ આક્રમક બન્યો

# ૨૮૩૨ મતદારોના નામ કમી કરવાના 'ષડયંત્ર' સામે પ્રાંત અધિકારીને આવેદન

પુરાવા વગર ફોર્મ નં. ૭ ભરી કાયદેસરના મતદારોને રદ કરવાની પેરવી, સમાજે વાંધા અરજીઓના પુરાવાની નકલ માંગી



(પ્રતિનિધિ) દાહોદ,તા.3 વિધાનસભા મત વિસ્તારમાં હાલ મતદારોના નામ ક્રમી ન થઈ જાય તે માટે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.વર્ષોથી ઝાલોદમાં આ મુદ્દાને લઈને સમગ્ર ઝાલોદ પંથકમાં ભારે ચર્ચા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે

ઝાલોદ (S.I.R.) મતદારોના નામ સામે વાંધા ઉઠાવવામાં આવતા મુસ્લિમ સમાજમાં ભારે રોષ અને ચિંતાની લાગણી જોવા મળી રહી છે. આ મામલે આજે સમસ્ત મુસ્લિમ ઘાંચી સમાજ, ઝાલોદ દ્વારા પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટને લેખિત આવેદન પત્ર પાઠવી તટસ્થ તપાસની માંગ કરવામાં આવી છે. ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં આશરે ૨૮૩૨ જેટલા કાયદેસરના મતદારોને 'ગેરહાજર' કે 'કાયમી સ્થળાંતરિત દર્શાવી તેમના નામ મતદાર યાદીમાંથી રદ કરવા માટે ફોર્મ નંબર-૭ દ્વારા વાંધા અરજીઓ દાખલ કરવામાં આવી છે. મુસ્લિમ સમાજનું માનવું છે કે આ કામગીરી પાછળ કોઈ ચોક્કસ બદઈરાદો રહેલો છે અને કાયદેસરના સ્થાનિક મતદારોને તેમના મતાધિકારથી વંચિત રાખવાનું આ એક પૂર્વયોજિત પડયંત્ર છે. મુસ્લિમ ઘાંચી સમાજ દ્વારા પાઠવવામાં આવેલા પત્રમાં મુખ્ય માંગણી કરવામાં આવી છે કે ફોર્મ નંબર-૭દ્વારા જે વાંધા અરજીઓ કરવામાં આવી છે, તેની સાથે અરજદારે કયા આધાર-પુરાવા રજૂ કર્યા છે તેની સટીફાઈડ માહિતી લેખિતમાં તાત્કાલિક પૂરી પાડવામાં આવે. આ ઉપરાંત, વાંધો લેનાર વ્યક્તિઓ કોણ છે અને તેમણે કયા પુરાવા રજૂ કર્યા છે તેની સંપૂર્ણ વિગતો પારદર્શક રીતે જાહેર કરવામાં આવે તેવી પણ માંગ કરાઈ છે.